# જન્મદિને વધામણી




મિત્તલબેન અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



યાના વિપુલકુમાર નાયી
મો. ૯૫૭૪૧૨૧૯૮૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સુંદરમને આસ્વાદવા, સંશોધવાનું સર્જક બેલડીનું સંયુક્ત અધ્યયન




એક સર્જકને માત્ર એક અધ્યયન ગ્રંથ દ્વારા પામવા તે ખૂબ જ અઘરી વસ્તુ છે. પરંતુ એક દાયકાના દીર્ઘકાલીન અભ્યાસ બાદ બે સંશોધકો દ્વારા સહિયારા સંનિષ્ઠ તપનું ફળ કેવું હોય તે જોવું હોય તો સૌંદર્યનિષ્ઠ કવિ સુંદરમની સર્જક-પ્રતિભાને આસ્વાદવા અને સંશોધવાનો જે સંયુક્ત પ્રયાસ થયો છે તેને કવિની દીકરી સુધા સુંદરમના શબ્દોમાં કહીએ તો 'સુંદરમ વિશે એક જ પુસ્તકમાંથી વિવિધ પ્રાથમિક માહિતી જોઈતી હોય તો આ પુસ્તક જરૂર સંતોષ આપી શકે.'

'સુંદરમ : એક અધ્યયન' સર્જક બેલડી દ્વારા તૈયાર થયેલો અભ્યાસગ્રંથ છે. આ અધ્યયન સંકલ્પને આકારિત કરવા માટે વિષયની વહેંચણી આઠ પ્રકરણ અને ત્રણ પરિશિષ્ટ રૂપે કરવામાં આવી છે. તેના સર્જકો છે ડૉ. શિવાંગી પંડ્યા અને ડૉ. દીપક પંડ્યા. તેમણે આ અધ્યયન ગ્રંથ ગુરુજનો સર્વશ્રી ડૉ. સતીશ વ્યાસ, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ અને ડૉ. પરમ પાઠકને અર્પણ કર્યો છે.

આ અધ્યયન ગ્રંથના પ્રથમ પ્રકરણમાં કવિ સુંદરમનું જીવન અને કવન અનુક્રમે જન્મ, ઉછેર, શિક્ષણ, ગાંધીજી, ગૂજરાત વિદ્યાપીઠ, છંદ સાધના, સ્વાતંત્ર્ય લડત-કારાવાસ, ઉમાશંકર જોષી સાથે મૈત્રી, શબ્દસાધના, લેખનકાર્ય, પ્રકાશન, ગાંધી આશ્રમથી અરવિંદ આશ્રમ, ગુજરાતમાં અરવિંદ વિચારધારા શિબિરો અને દક્ષિણા, સાહિત્ય સર્જન, પુરસ્કારો, સન્માન વિગેરે આવરી લઈ સુંદરમના સર્જક વ્યકિતત્વના ઘડતરબળો અને સાહિત્ય સર્જનનો પરિચય કરાવ્યો છે.

તો બીજા પ્રકરણમાં સુંદરમનું કવિતા ક્ષેત્રે પ્રદાનમાં તે ગાંધીયુગના કવિ હોઈ ગાંધીયુગની ગુજરાતી કવિતાની લાક્ષણિકતાઓ, તેનાં ઘડતરબળો તેમજ મુખ્ય કવિઓની કવિતા-પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો છે અને કાવ્યસંગ્રહોના સંદર્ભમાં કવિ સુંદરમના ગુજરાતી કવિતાક્ષેત્રે પ્રદાનનો અભ્યાસ રજૂ કર્યો છે. તેમજ કાવ્યસર્જન યાત્રાની મહત્ત્વની લાક્ષણિકતાઓ દર્શાવી છે. ત્રીજા પ્રકરણમાં સુંદરમનું ટૂંકી વાર્તા ક્ષેત્રે પ્રદાન જેમાં હીરાકણી, ખોલકી અને નાગરિકા, પિયાસી, ઉન્નયન, તારિણી વાર્તાસંગ્રહોના સંદર્ભે ટૂંકી વાર્તામાં સુંદરમના પ્રદાનનો અભ્યાસ રજૂ કર્યો છે.

ચોથા પ્રકરણમાં દક્ષિણાયન, ચિદંબરા, સા વિદ્યા, સમર્ચના, નિબંધ સંગ્રહો સંદર્ભમાં કવિના ગુજરાતી પ્રવાસીનિબંધો, ચિંતનાત્મક નિબંધો, કેળવણી વિષયક નિબંધો, ચરિત્રાત્મક નિબંધો અને વિવેચનાત્મક નિબંધનો અભ્યાસ રજૂ કર્યો છે.

પાંચમા પ્રકરણમાં વિવેચક સુંદરમના ગુજરાતી સાહિત્યના વિવેચનક્ષેત્રના પ્રદાનની વાત છે. તો છઠ્ઠા પ્રકરણમાં સાહિત્ય ક્ષેત્રે ઈતર પ્રદાનનો અભ્યાસ રજૂ થયો છે. તે પછી સાતમા પ્રકરણમાં સુંદરમનું ગુજરાતને અનન્ય અર્પણ : દક્ષિણામાં ત્રૈમાસિક સંપાદન ક્ષેત્રે કરેલા પ્રદાનને સમાવવામાં આવ્યું છે. આઠમું પ્રકરણ ઉપસંહારનું છે જેમાં સુંદરમની સર્જકપ્રતિભાને સમગ્રતયા આવરી લઈ સંક્ષિપ્તમાં રજૂ કરી છે.

અંતે ત્રણ પરિશિષ્ટો રજૂ કર્યા છે જેમાં અનુક્રમે સુંદરમ સાલવારી, સાહિત્ય સંદર્ભસૂચિ અને સુંદરમ વિષયક અભ્યાસ ગ્રંથોની સૂચિ રજૂ કરી છે.

આ રીતે સૌંદર્યનિષ્ઠ સર્જક વિવેચક સુંદરમના સમગ્ર સાહિત્યને આસ્વાદવાનો, અભ્યાસવાનો અને તેમની સમગ્ર છબિ આલેખવાનો સુંદર પુરુષાર્થ કરવામાં આવ્યો છે.




આ શોધનિબંધની સર્જક બેલડી ડૉ. શિવાંગી પંડ્યા અને ડૉ. દીપક પંડ્યા, ગાંધીનગરમાં વસે છે. ડૉ. શિવાંગી પંડ્યાનાં પાંચ પુસ્તકો પ્રગટ થયાં છે તેમજ અભ્યાસુ અધ્યાપન ક્ષેત્રે નામના ધરાવે છે. જ્યારે ડૉ. દીપક પંડ્યા હાલમાં ગાંધીનગરની સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય છે. તેમનાં પણ નવ જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે.

સર્જક બેલડી દ્વારા સુંદરમ : એક અધ્યયન શોધનિબંધ દ્વારા વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ માટે કરવામાં આવેલા આ પ્રકાશન બદલ શુભેચ્છા પાઠવું છું.

**સુન્દરમ્ : એક અધ્યયન**
લેખકો : ડૉ. શિવાંગી પંડ્યા, ડૉ. દીપક પંડ્યા
પ્રકાશક - ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, કિંમત : રૂા. ૩૦૦/-

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટીની સિદ્ધિ

# બાઈકમાં ફ્યુઅલ તરીકે પેટ્રોલ સાથે પાણીનો ઉપયોગ



ગાંધીનગર, તા. ૨૩

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી માં મિકેનિકલ શાખામા અધ્યયન કરતા એક વિદ્યાર્થી દીપ બિપીનભાઈ બારોટે મોટર બાઈકને પાણીથી ચાલતી કરી બતાવી છે.

આ પ્રોજેક્ટ અનુસાર બાઈકમાં પેટ્રોલની સાથે પાણીનો ઉપયોગ કરીને તેની એવરેજ ૫૦% સુધી વધારી શકાય છે. પાણીમાંથી હાઈડ્રોજન ઉત્પન કરીને એ હાઈડ્રોજનને એન્જીનમાં પેટ્રોલ જોડે ઉમેરવાથી પેટ્રોલનો ઉપયોગ ઘટાડીને તેની એવરેજ વધારી શકાય છે.

આ ડીવાઈસની મદદથી માત્ર એવરેજ જ નહીં, પરંતુ તેની સાથે એની ઝડપ અને તેની પિક-અપમાં પણ વધારો થાય છે.

હાલ આ પ્રોજેક્ટ પ્રાયોગિક રૂપમાં છે, પણ આને જો વાહનમાં લગાવવામાં આવે તો વધુ માં વધુ પેટ્રોલની બચત થાય અને સાથે સાથે નાણાની પણ બચત કરી શકાય તેમ છે. યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ ઋષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન અને હેડ ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટસ નિમિષ દવે એ પ્રોજેક્ટની પ્રશંસા કરી છે. વિદ્યાર્થીને માર્ગદર્શન પૂરું પાડવા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર પ્રો. વિક્રાંત મહાજન અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રો.સાગર રામાવત સક્રિય છે.

# રોટરી ક્લબ દ્વારા પ્રેરણા વ્યાખ્યાન





ગાંધીનગર, તા. ૨૩

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા **Be The Inspiration** થીમ પર શિક્ષણના પ્રયોગો અને અનુભવો પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં છેલ્લા ૫૮ વર્ષથી શિક્ષણ સાથે જોડાયેલ એવા શહેરના જાણીતા શિક્ષણ સંકુલ - સર્વ વિદ્યાલયના કેમ્પસ ડિરેક્ટર તરીકે સેવા આપતા શિક્ષણવિદ ડો. સોમભાઈ પટેલે ઉપસ્થિત રહી કારકિર્દીની શરૂઆતથી લઈ આજદિન સુધીના શિક્ષક તરીકે સમાજલક્ષી કાર્યો અને અનુભવોની વિસ્તૃત વાત કરી હતી.

૮૧ વર્ષીની ઉંમરે પણ યુવાનોને શરમ આવે એવું વ્યકતિત્વ ધરાવતા ડો. સોમભાઈ પટેલે મહાત્મા ગાંધીના ઉલ્લેખથી વાત શરુ કરી જેમાં તેમણે ગાંધીજીના જીવન મુલ્યો અને તેમના જીવન પર તેના પ્રભાવ, પ્રાથનાનું મહત્વ, સેવાનું મહત્વ વિષે વિસ્તૃત વાત કરતા જણાવ્યું કે છેલ્લા ૯ વર્ષથી સાતત્યપૂર્ણ રોજ સાંજે ઝુપડપટ્ટીનાં બાળકોને ભણાવવાનું, તેમને જીવન ઘડતરના પાઠ શીખવાથી લઈ સ્વચ્છતાનું મહત્વ, લોકો સાથેનો વ્યવહાર, વાતચીત કરવાની રીતભાત વગેરેનું જ્ઞાન પીરસવાનું પવિત્ર કાર્ય કરે. સાથે સાથે ગરીબ બાળકો પોતાના પગપર ઉભા થઈ સ્વરોજગાર મેળવી શકે તે માટે પણ કાર્યશીલ રહે છે અને તેમને બનતી તમામ મદદ પૂરી પાડે છે. આ કાર્ય કરવાથી તેમને સાત્વિક આનદ મળે છે અને સતત પ્રવૃતિશીલ રહેવાથી આ ઉંમરે પણ કોઈ બીમારી નથી. શિક્ષણની વાત કરતા તેમણે જણાવ્યું કે શિક્ષક વિધાર્થીઓને બે રીતે શીખવતો હોય છે, એક પુસ્તકથી અને બીજું તેમના વ્યકિતત્વથી. શિક્ષકના આચરણનો અનુભવ વિધાર્થીઓના જીવન પર ખુબ જ પડતો હોય છે આમ વિચારરૂપી બીજના વાવેતર કરી શિક્ષક વિધાર્થીઓના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકે છે. તેઓશ્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના શિક્ષક રહી ચુક્યા છે અને તેમને મોદી સાહેબ દ્વારા ગુરુવંદના સન્માન મળેલ છે. તેઓ વિશાળ શિક્ષણ સંકુલના કેમ્પસ ડાયરેકટર હોવા છતાં સમાજના છેવાડાના ગરીબ બાળકોની ચિંતા કરતા પોતાનો અમુલ્ય સમય આપી સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. હાજર તમામ ડો. પટેલના વ્યકિતત્વ અને સેવાકીય પ્રવૃતિઓથી ખુબ જ પ્રભાવિત થયા હતા. સમગ્ર વ્યાખ્યાનમાં રોટરી ક્લબ વતી અનંતભાઈ, ધર્મેન્દ્રભાઈ, નીકીતાબેન, કુલદીપભાઈ, નીલેશભાઈ , કિરણભાઈ, દિલીપભાઈ, જીતેન્દ્રભાઈ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે જીતેન્દ્રભાઈ દ્વારા અભારવિધિ કરવામાં આવી હતી. જ્યારે કિરણભાઈ દ્વારા વક્તાને સ્મૃતિચિહ્ન આપી અભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખ અનંતભાઈ પટેલ અને ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દહેજ-ઘોઘા વચ્ચે રો-રો ફેરીનું પ્રથમ ટ્રાયલ રહ્યું સફળ, ૨૬ ઓક્ટોબર સુધી ફ્રીમાં વાહનોની કરાશે અવરજવર

ગાંધીનગર, તા. ૨૩

દહેજ-ઘોઘા રો-રો ફેરીનું પ્રથમ ટ્રાયલ કરવામાં આવ્યુ છે. ઘોઘાથી દહેજ સુધી ફેરી પરીક્ષણ સફળ રહ્યું છે. અગાઉ દહેજ ખાતે પોન્ટુનમાં ખામી સર્જાઇ હતી. ૨૬ ઓક્ટોબર સુધી ટ્રાયલ ચાલુ રહેશે. ટ્રાયલમાં ફ્રીમાં વાહનોની અવરજવર કરવામાં આવશે.

રો રો ફેરીનું પ્રથમ ટ્રાયલ શરૂ કરાયું છે ત્યારે પહેલા જહાજમાં ટ્રકને ચઢાવવા આવી હતી. પોન્ટુનની ઉંચાઈ વધુ હોવાના કારણે ટ્રક ચાલકો પરેશાન થઈ શકે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા રોરો ફેરીમાં મોટા વાહનો જઈ શકે છે. જેનાથી માલ-સામાનની હેરાફેરી કરવામાં સરળતા થઈ શકે છે. જોકે રોરો ફેરી જહાજની ઉંચાઈ વધુ હોવાના કારણે ટ્રક ચાલકોને પરેશાની થઈ શકે છે.

મળતી માહિતી પ્રમાણે, આગામી ૧૨ ઓક્ટોબરે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે રો-રો ફેરીના લોકાર્પણના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. પરંતુ દહેજમાં પોન્ટુન તુટી જવાથી રો-રો ફેરી મોકૂફ રખાય હતી. જેથી હવે રો-રો ફેરી દિવાળી પછી જ શરૂ થાય તેવા એંધાણ છે.

મહત્વનુ છે કે, રો-રો ફેરીનો પ્રોજેક્ટ પીએમ મોદીનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. પીએમ મોદી ૩૧ ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન પીએમ મોદીના હસ્તે રો-રો ફેરીનુ લોકાર્પણ કરવામાં આવે તેવી શક્યતા પણ કેટલાક સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા ૩૦મીથી યોગ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજ્યનાં તમામ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિની વસતી ધરાવતા એક તાલુકા મથક ખાતે ૩૦ ઓકટોબરથી યોગ સેમિનારનું આયોજન વિના મૂલ્યે હાથ ધરવામાં આવી રહ્યું છે.

યોગમાં રસ ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર (મો. ૯૭૧૪૭ ૬૬૬૨૭) ખાતે સિનિયર કોચનો સંપર્ક કરી પ્રવેશપત્રો મેળવીને ભરવાનાં રહેશે. ભરેલાં પ્રવેશપત્રો પરત કરવાની છેલ્લી તારીખ ૨૯ ઑક્ટોબર નિયત કરવામાં આવી છે. પસંદ થયેલા ઉમેદવારોને સિનિયર કોચ દ્વારા યોગ સેમિનાર અંગે જાણ કરવામાં આવશે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ગ્રીનપીસના તાજેતરના રિપોર્ટમાં ખુલાસો

# પ્લાસ્ટિકનો કચરો ઉત્પન્ન કરવામાં કોક-પેપ્સી અને નેસ્લે સૌથી મોખરે

ગાંધીનગર, તા. ૨૩

પર્યાવરણ સંગઠન ગ્રીનપીસના તાજેતરના એક રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં પ્લાસ્ટિકનો સૌથી વધુ કચરો ફેલાવતી કંપનીઓમાં સોફ્ટ ડ્રિંક કંપની કોકાકોલા, પેપ્સિકો અને નેસ્લેનો સમાવેશ થાય છે. પ્લાસ્ટિકમુક્ત વિશ્વના આંદોલન હેઠળ ગ્રીનપીસે જણાવ્યું કે વિશ્વના ૪૨ દેશોમાં તેમણે પ્લાસ્ટિકને ખતમ કરવા માટે ૨૩૯ અભિયાન હાથ ધર્યાં છે. આ માટે હાથ ધરાયેલા સફાઈ અભિયાનમાં તેમની પાસે પ્લાસ્ટિકના કચરાના ૧.૮૭ લાખ ટુકડા જમા થયા છે. આ સર્વેક્ષણનો હેતુ કોર્પોરેટ જગત પ્લાસ્ટિકનો કચરો ફેલાવવામાં કેટલો ફાળો આપે છે તે જાણવાનો હતો. વિશ્વની સૌથી મોટી સોફ્ટ ડ્રિંક કંપની કોકાકોલા હકીકતમાં તો સૌથી મોટી કચરા ઉત્પાદક કંપની છે. બ્રેક ફ્રી ફ્રોમ પ્લાસ્ટિક અભિયાનના વૈશ્વિક સંયોજક વોન હરનાંડેજે જણાવ્યું હતું કે કોક બ્રાન્ડનું પ્લાસ્ટિક ૪૨માંથી ૪૦ દેશોમાં મળી આવ્યું હતું. આ બ્રાન્ડ પર અભ્યાસ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે કોર્પોરેટ ક્ષેત્ર વિશ્વમાં પ્લાસ્ટિકનું પ્રદૂષણ ફેલાવવામાં સૌથી વધુ જવાબદાર છે.

તેમણે જણાવ્યું કે સામાન્યરૂપે સૌથી વધુ મળતો પ્લાસ્ટિક કચરો પોલીસ્ટાયરીન છે, તેનો સૌથી વધુ ઉપયોગ પેકિંગ અને ફોમ કોફી કપમાં થાય છે. આ સર્વેક્ષણ બાદ કોક કંપનીના પ્રવકતાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે મહાસાગરના કચરાને ખતમ કરવાના ગ્રીનપીસના લક્ષ્યને પૂર્ણ કરવામાં કોક કંપની પણ પૂરી મદદ કરશે.

### હાજરી પુરાવવા માટે જીપીએસ લોકેશન શેર કરવું પડશે

# એસટીના કર્મચારીઓની ઓનલાઈન હાજરી

## તમામે સવારે અને સાંજે પણ હાજરી પુરાવવી પડશે

ગાંધીનગર, તા.૨૩

હવેથી રાજ્ય વાહન વ્યવહાર નિગમ, અને એસટી નિગમના તમામ કર્મચારીઓએ પોતાની હાજરી પૂરાવવા માટે જીપીએસ લોકેશન શેર કરવું પડશે. વિભાગીય નિયામક-પરિવહન અધિકારી અને તમામ ડેપો મેનેજરે લોકેશન આપવા પડશે. તમામ લોકોએ સવારે અને સાંજે હાજરી પૂરાવવી પડશે.

હાજરી પુરાવવા વોટ્સએપ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે દીવાળીનો સમય નજીક આવ્યો છે. ત્યારે આ સમયગાળા દરમિયાન બહોળા પ્રમાણમાં એસટી સેવાનો મુસાફરો ઉપયોગ કરશે અને તેની સ્થિતીને ધ્યાનમાં રાખીને મોનિટરિંગની કામગીરી કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગના તમામ અધિકારીઓના જીએપીએસ લોકેશન આધારીત હાજરીની ચકાસણી કરવામાં આવશે. આથી વિભાગીય નીયામક શ્રી, વિભાગીય પરિવહન અધિકારી, વિભાગીય યાંત્રીક ઈજનેર, સહિત તમામ ડેપો મેનેજરોએ જીપીએસ લોકેશન સવારે ૦૯:૦૦ કલાકે તેમજ સાંજે ૧૯:૦૦ કલાકે વ્હોટ્સઅપ નંબર ૭૨૨૬૯૯૦૪૨૪ પર ફરજિયાત મોકલવાના રહેશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૧૨મો મણકો ॥**

કારણ કે એણે તો પ્રતિજ્ઞા લીધીતી કે એક પક્ષે હરિજન અને બીજે પક્ષે સવર્ણ, એક દલિત અને એક બિનદલિત હોય તો તે લગ્નમાં હું હાજરી આપીશ. બેય દલિત હોય તોય નહીં આપું, બેય સવર્ણ હોય તોય



પણ ન આપું. અને મેં જેની સાથે લગ્ન કરવાનાં નક્કી કર્યાંતાં એ દલિત નહોતી ને હું દલિત નહોતો. મારી બાને ચિંતા હતી કારણ કે બાપુજી તો ગુજરી ગયા હતા. અમને આશીર્વાદ આપે એવો માણસ જ એક. અને એ નહીં આવે. બીજા પણ એવા ગુરુજનો હતા, જેમને મારી બાએ કહ્યું, નરહરિભાઈ જે મારા પિતાતુલ્ય હતા તેમને કહ્યું, નરહરિભાઈ, તમે જરા બાપુની સાથે આને વિશે વાત કરો. તો કે, હું પ્રયત્ન કરી જોઈશ, ખાતરી નથી આપતો. એટલે નરહરિભાઈ બાપુને સમજાવવા જાય છે. બાપુ હતા મદ્રાસ - આજનું ચેન્નાઈ. નરહરિભાઈ કે છે કે બાપુ, આપની સાથે મારે પ્રાઈવેટ વાત કરવી છે. આ ગાંધીજીએ એક વાક્ય એવું કહ્યું છે જો મારામાં હ્યુમર ન હોત તો મેં ક્યારનો આપઘાત કર્યો હતો. એટલે એણે આમાં હ્યુમર વાપર્યો, કે 'હેં નરહરિ ? તમને હજુ આટલી ઉંમરેય હજુ પ્રાઈવેટ વાત કરવાની છે ?' કારણ કે એમની સાથે પ્રાઈવેટ કરનારા બધા પંદરથી પચીસ વર્ષની ઉંમરના જ હોય. આને શું પ્રાઈવેટ ? કે તમે તો મારી પાસે છો જ ૩૦ વર્ષથી. હજુ પ્રાઈવેટ ? કે ના ના મારે પ્રાઈવેટ વાત કરવી છે. સારું ભાઈ ચાલો, નરહરિને પ્રાઈવેટ સમય જોઈએ છે એટલે આજે જ્યારે ફરવા જતી વખતે આપણે જ્યારે વાત કરીશું ત્યારે બાકીના જરા પાછળ રહેજો, હું ને નરહરિ આગળ ચાલીશું. આ પ્રાઈવેટ ! ઈન કૅમેરા મિટીંગ આ કહેવાય !

ગાંધી નરહરિભાઈ સાથે ચાલે છે ને બીજા બધા થોડા પાછળ. નરહરિભાઈ કહે છે, 'બાપુ મને એક વાતની બહુ પ્રસન્નતા છે. જોકે, આપને કેવું ગમશે એ મને ખબર નથી.' એટલે ગાંધીજીથી સહજ રીતે બોલાઈ ગયું કે, 'નરહરિ, એવું તે કંઈ હોય કે જેનાથી તમને પ્રસન્નતા થાય ને મને ન થાય ? કહો શું છે ?' નરહરિભાઈએ કહ્યું, 'નારાયણે લગ્ન કરવાનો વિચાર કર્યો છે.' ત્યારે દરેક ઘરડા માણસ પૂછે એવો સવાલ ગાંધીજીએ કર્યો, એટલે એ અર્થમાં ગાંધીજી ઘરડા. 'હેં ! બાબલો લગન કરવા જેવડો થઈ ગયો ?' દરેક ઘરડા માણસને પૌત્ર કદી લગન કરવા જેવડો લાગે જ નહીં. હા, પૌત્રને ચાર વર્ષ પહેલાંથી જ એમ લાગવા માંડ્યું હોય એ વાત જૂદી ! પણ આને તો દેખાય જ નહીં કે આ લગન કરવાની ઉંમરનો થયો. ગાંધીજીએ પણ એમ પૂછ્યું, 'હેં ! બાબલો લગન કરવા જેવડો થઈ ગયો ?' નરહરિભાઈએ કહ્યું, 'હા. અને એટલું જ નહીં, એણે તો કન્યાય નક્કી કરી નાખી છે.' 'કોણ છે કન્યા ?' એમ પૂછ્યું પણ નામ તો યાદ હતું નહીં. એટલે પૂછ્યું, 'કુટુંબ ?' તો કહે કે 'કુટુંબ તો સારું છે.' કારણ કે એ બધાને ઓળખતા'તા. ગાંધીજી કહે, 'તમને ગમ્યું તો મનેય ગમ્યું.' નરહરિભાઈ કહે, 'હા, એ તો બરાબર છે પણ....' 'હજુ 'પણ' છે ?'

'હા, તમારી પ્રતિજ્ઞા ?'

હવે ગાંધીનું ભેજું ચાલ્યું. એ કહે, 'હં.... દુર્ગાએ તમને કેમ મોકલ્યા છે એ મને હવે ખબર પડી.' દુર્ગાએ એમને મોકલ્યા છે એવું ગાંધીજીને કોઈએ કહ્યું નો'તું પણ એ બધું અનુમાન એમણે કરી લીધું, એમને બધી ખબર પડી ગઈ.

એમણે કહ્યું, 'દુર્ગાને કહેજો કે બાબલાની ઉપર મારા આશીર્વાદ તો છે જ પણ લગ્ન વખતે મારી હાજરીની અપેક્ષા એ ન રાખે.' અને ત્યારે એમણે જે વાક્ય કહ્યું એ આજના તમામ પક્ષના તમામ રાજકારણી લોકોએ સમજવા જેવું વાક્ય હતું, 'કારણ કે એ આપણા કુટુંબનો છોકરો છે. બીજા માટે અપવાદ થાય, પોતાના કુટુંબના છોકરા માટે તો અપવાદ થાય જ નહીં.'


લગ્નને દિવસે ગાંધીજી બીજી જગ્યાએ હતા. તે દિવસે મારી બાના હાથમાં પોસ્ટ કાર્ડ આવ્યું : 'બાબલાનાં લગ્નમાં મારા આશીર્વાદ છે.' હાજરી નહીં. જે માણસ એક જ જાતિમાં લગ્ન થાય તો હાજરી આપે ને બેસતા'તા. એ માણસ પોતાના પૌત્રના લગ્નમાં હાજર નહીં. કારણ કે તેણે જે કન્યા પસંદ કરી હતી તે બીજી જાતિની ન હતી. એટલે હાજર નહીં. આશીર્વાદ હતા છતાં.

આ નિત્ય વિકાસશીલતા.

ગાંધીજીએ વર્ણાશ્રમની વાત કરી'તી એવી ટીકા લોકો કરે છે. પણ એ વાત તો એણે ક્યારે કરી'તી ? પછી તો એણે કહ્યું એ જુઓ, હું એ લગ્નમાં ન જાઉં. જાતિવાદ સમાપ્ત કરવો હોય તો આંતરજ્ઞાતીય વિવાહ કરવો જોઈએ ત્યાં સુધી પહોંચનારો એ માણસ.

આમ, નિત્ય વિકાસશીલતા એ ગાંધીનો એક બીજો ગુણ.

આ બધું થયું એને પરિણામે એણે જે વિકાસ કર્યો એ વીકાસથી ગાંધીજી આગળ વધ્યા ને પછી ગાંધીજીને વિશે લોકો એમ સમજ્યા કે ગાંધીજીએ સ્વરાજ અપાવ્યું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ